GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
March - April: 2026

# આધુનિક પરિપ્રેક્ષ્યમાં ભ્રષ્ટાચારનુ સ્વરૂપ

શોધાર્થીનું નામ:ધર્મેન્દ્રકુમાર જશવંતસિંહ ચાવડા
સંસ્કૃત વિભાગ
શ્રી ગોવિંદગુરુ યુનિવર્સિટી,ગોધરા.

**પ્રસ્તાવના:**

આધુનિક યુગ વર્તમાન સમયમાં ઘણી વૈશ્વિક સમસ્યાઓનો સમનો કરી રહ્યુ છે, આ ગંભીર અને ચિંતાજનક સમસ્યાઓમાં ભ્રષ્ટાચાર અગ્રસ્થાને છે, ભ્રષ્ટાચાર માત્ર ગુનો નથી પરંતુ તે માનવીય મૂલ્યો નૈતિકતા અને સામાજિક ન્યાયના પતનનું પ્રતિક છે, ભ્રષ્ટાચાર ના પાયામાં સત્તા,ધન અને સ્વાર્થ મુખ્ય છે જેના કારણે ભ્રષ્ટાચાર વિકસે છે, આજે ભ્રષ્ટાચાર તમામ પાસાઓને સ્પર્શી ચૂક્યો છે જેથી વૈશ્વિકરણ અને ટેકનોલોજી ના વિકાસની સાથે ભ્રષ્ટાચાર નું સ્વરૂપ પણ જટિલ બન્યું છે ત્યારે આધુનિક પરિપ્રેક્ષ્યમાં ભ્રષ્ટાચારના સ્વરૂપ નિમ્ન લિખિત રૂપે સમજી શકાય

**(1) સામજિક ભ્રષ્ટાચાર**

સમાજના નૈતિક મૂલ્યો અને આદર્શોના પતનના કારણે સામાજિક ભ્રષ્ટાચાર જન્મે છે, આધુનિક સમયમાં સામાજિક ભ્રષ્ટાચાર રોજિંદા જીવનમાં વણાયેલો છે, વ્યક્તિઓમાં સ્વાર્થવૃત્તિનો વ્યાપ વધ્યો છે, વ્યક્તિ પોતાના લાભ માટે અન્યનું અહિત અને હક છીનવી લેતા પણ કોઈપણ ખચ કાટ અનુભવતો નથી, સામાજિક ભ્રષ્ટાચાર ના કારણે માનવીના શારીરિક સ્વાસ્થ્યને પણ અસર થઈ રહી છે જેમકે દૂધ શાકભાજી મસાલા વગેરે નકલી કે હાનિકારક પદાર્થો ભેળવવા, કટોકટી, કુદરતી આફતો અને મહામારીના

ISSN:3048-9792
Volume: 3
Issue: 2
March - April: 2026

સમયે પણ વસ્તુઓની સંગ્રહ ખોરી કરી કૃત્રિમ અછત ઊભી કરી કાળા બજારી કરી જેની સીધી અસર સમાજ જીવન પર પડે છે, સામાજિક ભ્રષ્ટાચાર ના કારણે સમાજમાં કુરીવાજોને વેગ મળે છે જેમ કે દહેજપ્રથા, લિંગભેદ,ભ્રૂણહત્યા, ભ્રષ્ટાચારીઓ દ્વારા સોશિયલ મીડિયામાં પ્રખ્યાત થવા માટે ભ્રામક માહિતી અને નકલી લાઈફસ્ટાઇલ દર્શાવી યુવા પેઢીને ગેરમાર્ગે દોરવામાં આવે છે, ક્યારેક ખોટા સમાચાર ફેલાવી બે ધર્મ કે જાતિ વચ્ચે નફરત ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવે છે, આ સામાજિક ભ્રષ્ટાચાર ના કારણે ગુનાખોરીમાં વધારો થાય છે,ગરીબોનું શોષણ વધે છે,તેમજ સામાજિક અવિશ્વાસ ફેલાયો છે.

**(2) ધાર્મિક ભ્રષ્ટાચાર**

ધર્મ એ માણસની આસ્થા અને પવિત્રતા સાથે સંકળાયેલ છે પરંતુ આ જ ધર્મ જ્યારે અંગત સ્વાર્થ સંપત્તિ કે સત્તાને પ્રાપ્ત કરવાનું સાધન બને છે ત્યારે તે ધાર્મિક ભ્રષ્ટાચારમાં પરિણામે છે, નકલી ધર્મગુરુઓ અને ધર્મના આગેવાનો દ્વારા લોકોની આસ્થાનો લાભ ઉઠાવી તેમનું આર્થિક અને શારીરિક શોષણ કરવામાં આવે છે, ધર્મ કે આશ્રમ ના નામે ટ્રસ્ટ બનાવી કરોડો રૂપિયાનો વેપાર કરવામાં આવે છે,પોતાના અંગત સ્વાર્થ કે ધાર્મિક વર્ચસ્વ મેળવવા ભ્રષ્ટ  ધર્મગુરુઓ દ્વારા અન્ય ધર્મ તરફ નફરત પેદા કરી લોકોને કટ્ટરતા તરફ ધકેલી ગેરમાર્ગે દોરવામાં આવે છે, આ ધાર્મિક ભ્રષ્ટાચારને કારણે અંધશ્રદ્ધામાં વધારો થયો છે, સમાજમાં અસંતિ ફેલાય છે અને સાચો તર્ક અને ચિંતન કરી નિર્ણય કરતી આજની યુવા પેઢી ધાર્મિક ભ્રષ્ટાચાર ના કારણે ધર્મ અને અધ્યાત્મિકતા તરફથી વિમુખ થાય છે જેના પરિણામે નાસ્તિકતા તરફ ધકેલાય છે.

ISSN:3048-9792
Volume: 3
Issue: 2
March - April: 2026

(3) ન્યાયિક ભ્રષ્ટાચાર

લોકશાહી દેશની ન્યાય પ્રણાલી પારદર્શક હોવી જોઈએ પરંતુ જ્યારે ન્યાય આપનારી સંસ્થાઓ જ ભ્રષ્ટાચારનો ભોગ બને છે ત્યારે સામાન્ય નાગરિકનું કાયદો અને વ્યવસ્થા ઉપરથી વિશ્વાસ ઉઠી જાય છે, ન્યાયતંત્રમાં જાણી જોઈને તારીખો લંબાવવી,ફાઈલો ગાયબ કરી દેવી,સત્તાધારી પક્ષ દ્વારા ન્યાયાધીશો કે વકીલો પર દબાણ,પક્ષપાત અને સગાવાદનો ઉપયોગ કરી ન્યાયને પોતાના પક્ષે કરવો વગેરે સ્વરૂપે ભ્રષ્ટાચાર જોવા મળે છે જેનાથી માનવ અધિકારોનું હનન થતું જોવા મળે છે, ગરીબ અને વંચિત લોકોને આર્થિક નુકસાન થાય છે,ગુનાઓ અને ગુનેગારોને પ્રોત્સાહન મળે છે.

(4) રાજકિય ભ્રષ્ટાચાર

રાજકીય ભ્રષ્ટાચાર એટલે કે પ્રજાએ ચૂટેલા પ્રતિનિધિઓ મંત્રીઓ કે રાજકીય પક્ષો કાયદાઓ બનાવનારી સંસ્થાઓ કે સરકારી કામોમાં સત્તાનો દુરુપયોગ કરી કરવામાં આવતા કાર્યો રાજકીય ભ્રષ્ટાચાર, ચૂંટણી સમયે કરોડો રૂપિયાનો આંધળો ખર્ચ મતદારોને પૈસા આપી સંરક્ષણ ક્ષેત્રના મોટા મોટા કોન્ટ્રાક્ટ માં પૈસાની આપ-લે વગેરે બાબતોનો સમાવેશ થાય છે રાજકીય ભ્રષ્ટાચાર વ્યક્તિને તેના હકની સુવિધાઓ સેવાઓ, નાણા કે સવલોતો મેળવવામાં અવરોધો કરે છે.

(5) રાજકિય ભ્રષ્ટાચાર

આ ભ્રષ્ટાચારમાં નાનામાં નાના પટાવાળા થી લઇ મોટામાં મોટા અધિકારીઓ દ્વારા સરકારી કચેરીઓમાં રોજિંદા જીવનના વહીવટોમાં જોવા મળે છે કોન્ટેક્ટરો દ્વારા નબળી કક્ષાનું કામ કરીને પૈસા આપી પાસ કરાવું, બદલી કે પ્રમોશન માટે વિવિધ ટેબલ ઉપર પૈસા આપીને

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
March - April: 2026

બીજાનો હક છીનવી લેવો, સામાન્ય માણસે પોતાનું કાયદેસરનું કામ જેવું કે લાયસન્સ જમીન દસ્તાવેજ આધાર કાર્ડ વગેરેનું કામ માટે પૈસા આપવા પડે જેવી વિવિધ સ્વરૂપે પ્રશાસનિક ભ્રષ્ટાચાર જોવા મળે છે, જેના પરિણામે વાસ્તવિક વિકાસ અટકી જાય છે સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ વચેટીયાઓ ખાઈ જાય છે, પ્રતિભાશાળી વ્યક્તિઓ રહી જાય છે.

**(6) ડિજિટલ ભ્રષ્ટાચાર**

વર્તમાન સમયમાં સૌથી મોટી સમસ્યા હોય તો તે છે ડિજિટલ ભ્રષ્ટાચાર કે જેમાં ડિજિટલ માધ્યમો, ઇન્ટરનેટ, કમ્પ્યુટર વગેરેનો ઉપયોગ કરીને છેતરવામાં આવે છે અથવા લાંચ લેવામાં આવે છે બીજાના હકના પૈસા માલમિલકત પડાવી લેવા, એક સમયે એવું લાગતું હતું કે ડિજિટાઇઝેશન આવવાથી ભ્રષ્ટાચાર નાબૂદ થશે પરંતુ ભ્રષ્ટાચારીઓએ ડિજિટલ માધ્યમોને જ ભ્રષ્ટાચારનું સાધન બનાવી દીધું, ભ્રષ્ટાચારીઓ દ્વારા ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરીને રોકડને બદલે ક્રિપ્ટો કરન્સી અથવા વિદેશી બેંક ખાતાઓમાં લાંચ લેવામાં આવે છે, વિવિધ સરકારી કે ખાનગી કંપનીઓના સિસ્ટમને હેક કરવી પછી પૈસાની માગણી કરવી કે ડેટાનો દુરુપયોગ કરવો, ઓનલાઇન ટેન્ડરોની સિસ્ટમને હેક કરી ગોપનીયતાનો દુરૂપયોગ કરવો, લોટરીના બહાને ઓનલાઈન પૈસાની માગણી,ઓનલાઈન ગેમિંગ,ખરીદી અને વેચાણ ઓનલાઇન થતા હલકી ગુણવત્તાવાળી વસ્તુઓ આપી છેતરપિંડી વગેરે ડિજિટલ ભ્રષ્ટાચાર ના સ્વરૂપો છે, ડિજિટલ માધ્યમ ખરાબ નથી પરંતુ તેનો ઉપયોગ કરનાર વ્યક્તિઓ તેને ભ્રષ્ટાચાર તરફ લઈ જાય છે જેનાથી સામાન્ય માણસ લોભ લાલચથી ભ્રષ્ટાચાર નો શિકાર બને છે

**(7) શૈક્ષણિક ભ્રષ્ટાચાર**

માનવીની પાયાની જરૂરિયાતોમાં શિક્ષણનો સમાવેશ થાય છે,આ શિક્ષણ ક્ષેત્રની સેવાઓ,યોજનાઓ,આયોગોમાં થતા ભ્રષ્ટાચારને શિક્ષણ ક્ષેત્રનો ભ્રષ્ટાચાર કહેવામાં આવે છે,જેમકે મધ્યાહ્ન ભોજન માં થતો ભ્રષ્ટાચાર,સરકારી સેવાઓમાં થતો ભ્રષ્ટાચાર,શિષ્યવૃત્તિમાં થતો ભ્રષ્ટાચાર,ભરતી કે બદલી પ્રક્રિયામાં થતો ભ્રષ્ટાચાર, શિક્ષણના ક્ષેત્રના ભ્રષ્ટાચાર થી વિદ્યાર્થી શિક્ષક શિક્ષણ સાથે જોડાયેલી સંસ્થાઓ પ્રભાવિત થાય છે શૈક્ષણિક ભ્રષ્ટાચાર એ દેશના વિકાસને રૂંધતો ભ્રષ્ટાચાર છે

**(8) ઉપસંહાર**

આધુનિક સમાજ વિકસિત સમાજ છે જેમ જેમ સમાજનો વિકાસ થાય છે તેમ તેમ ભ્રષ્ટાચાર ના સ્વરૂપોમાં પણ વિવિધતા જોવા મળે છે આજના આધુનિક યુગમાં ભ્રષ્ટાચાર એક વિકરાળ દૈત્ય સમાન છે જેના સ્વરૂપને સમજવું એટલું જ જટિલ છે, ભ્રષ્ટાચાર અત્ર તત્ર સર્વત્ર છે તમામ પાસાઓમાં તેનું સ્વરૂપ ભિન્ન ભિન્ન જોવા મળે છે.

## સંદર્ભગ્રંથ સૂચિ

1. भ्रष्टायनम्

લે. ડૉ. શિવસાગર ત્રિપાઠી

પ્રકાશક: દેવનાગર પ્રકાશન જયપુર, અદ્યતન આવૃત્તિ – ૨૦૧૨

2.भ्रष्टाचारसप्तशती

લે. ડૉ. શિવસાગર ત્રિપાઠી

પ્રકાશનઃ જગદીશ સંસ્કૃત પુસ્તકાલય, જયપુર

આવૃત્તિઃ પુનઃ મુદ્રણ-2010